# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

પો.બો.નં.–૨૧, યુનિવર્ટિ રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોનઃ(૦૨૭૬૬)૨૩૭૦૦૦ ફેકસઃ (૦૨૭૬૬)૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in, ce@ngu.ac.in Website:www.ngu.ac.in.


નં. પનિ / ૨૧ / ૨૦૨૦

તા. ૦૪ / ૦૯ / ૨૦૨૦

પ્રતિ,

તમામ આચાર્યશ્રીઓ, અધ્યક્ષશ્રીઓ, કો–ઓર્ડીનેટરશ્રીઓ

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ઓનલાઈન પરીક્ષાના પરીક્ષાર્થીઓ

હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**વિષય :– ઓનલાઈન પરીક્ષાના પરીણામ અંગે...**

શ્રીમાન,

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ધ્વારા કોવીડ–૧૯ મહામારીને ધ્યાને લઈ માર્ચ–જુન,૨૦૨૦ની તમામ અભ્યાસક્રમની પરીક્ષાઓ સરકારશ્રી અને યુ.જી.સી.ની ગાઈડલાઈન પ્રમાણે ઓનલાઈન પધ્ધતિથી (લેવાયેલ / લેવાનાર) પરીક્ષાઓના પરિણામ અંગે માન. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તમામ વિદ્યાશાખાના ડીનશ્રીઓ સાથે થયેલ ચર્ચા મુજબ ખાસ કિસ્સામાં વિદ્યાર્થી હિત ખાતર નીચેના નિર્ણયો લેવામાં આવેલ છે.

૧. જો કોઈ વિદ્યાર્થી ઓનલાઈન પરીક્ષાના પરિણામથી સંતુષ્ટ ન હોય તે ઓફલાઈન પરીક્ષા આપી શકશે.

૨. ઓનલાઈન પરીક્ષામાં વિદ્યાર્થી જે વિષયમાં નાપાસ થયેલ હોય અને તે ઓફલાઈન પરીક્ષામાં માત્ર નાપાસ થયેલ વિષયની જ પરીક્ષા આપશે તો તે ટ્રાયલ ગણાશે.

૩. વિદ્યાર્થી આખી ઓફલાઈન પરીક્ષા એટલે કે તમામ વિષયની ઓફલાઈન પરીક્ષા આપશે તો તે પ્રથમ પ્રયત્ન ગણાશે.

૪. જો કોઈ વિદ્યાર્થી ઓનલાઈન પરીક્ષાના પરીણામથી અસંતુષ્ટ હોય અને જે તે વિદ્યાર્થી આવેલ પરીણામમાં સુધારો કરવા એટલે કે સ્કોર ઈમ્પ્રુવ કરવા ઓફલાઈન પરીક્ષા આપે તો વિદ્યાર્થીએ તેને મળેલ ઓનલાઈન પરીક્ષાનું પરીણામ યુનિવર્સિટીમાં જમા કરાવી રદ કરાવવાનુ રહેશે. તેમજ ઓફલાઈન પરીક્ષાનું આવેલ પરીણામ જ માન્ય રહેશે.

૫. જે વિદ્યાર્થીઓએ એક વખત પ્રાયોગીક પરીક્ષા આપેલ હશે તેને ફરીથી આપવાની રહેશે નહી.

૬. ઓફલાઈન પરીક્ષા માટે વિદ્યાર્થીઓએ કોઈ વધારાની પરીક્ષા ફી ભરવાની રહેશેં નહી.

યુનિવર્સિટી ધ્વારા ઓનલાઈન લેવાયેલ / લેવાનાર પરીક્ષામાં જે કોઈપણ કારણોસર પરીક્ષાર્થી પરીક્ષા ન આપી શકે અને પરીક્ષાર્થીના ગુણ પરીણામમાં ન આવે તો તેને ગેરહાજર દર્શાવી પરિણામ જાહેર કરવામાં આવશે.

વધુમાં ઓનલાઈન પધ્ધતિથી લેવાયેલ પરીક્ષાઓ તથા મેરીટ બેઝ પધ્ધતિથી જાહેર કરેલ પરીણામોમાં જે પણ પરીક્ષાર્થીઓને અસંતોષ હોય તેમની માટે ઓફલાઈન પધ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે. જેનો વિગતવાર કાર્યક્રમ હવેથી યુનિવર્સિટી વેબસાઈટ પરથી જાહેર કરવામાં આવશે. જેની તમામે નોંધ લેવી.

આભાર સહ,

(મિતુલ દેલીયા)

કા.પરીક્ષા નિયામક

પ્રતિ,

૧. હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ / સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ /સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડીનેટરશ્રી  તરફ જાણ કરવા સારુ.

૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર – ગુજરાત તરફ

૩. કુલપતિશ્રી / કુલસચિવશ્રી / મુખ્ય હિસાબી અધિકારીશ્રી તરફ જાણ સારુ.

૪. મદદનીશ કુલસચિવશ્રી, કચેરી અધિક્ષકશ્રી, હેડ કલાર્ક (પરીક્ષા તથા એકેડેમિક શાખા).

૫. કાર્યાલય / પરીક્ષા વિભાગ નોટીસ બોર્ડ.

૬. હેમ.ઉ.ગુ.યુનિ. પૂછપરછ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારુ.

૭. સિસ્ટમ એનાલિસ્ટશ્રી (વેબસાઈટ પર મૂકવા માટે).

૮. મહેકમ શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ તરફ પરિપત્રની ફાઈલ અર્થે.

૯. સંબંધિત પરીક્ષાર્થીઓ તરફ જાણ સારુ